જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૯/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૯૩૯/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૪૭ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૧૬ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૧,૨૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૪૦/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૪૧/૧૭</u>**

**સોલા હાઇકોર્ટ** : યાનસિંગ ગુલજારીલાલ શર્મા (રહે,ક્રિષ્ણા રો-હાઉસ ભાડજ ગામ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૯/૧૭ રાતનાં ૧૦/૦૦ થી તા.૨૪/૯/૧૭ ના કલાક ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં રસોડાની બારીનો કાચ તોડી બારીમા હાથ નાખી દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપિયા મળી કુલ રૂપિયા ૯૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**સાબરમતી** : ભાવેશ રસિકલાલ દોશી (ઉ.વ.૫૨)(રહે,પર્લ 100, આનંદવિહાર ફ્લેટની પાછળ ત્રાગડ ચાંદખેડા) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૯/૧૭ નાં કલાક ૨/૩૦ થી કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની ગેલેરીમાંથી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી લેપટોપ અને રોકડા રૂપિયા ૧૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એન.સાધુ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૯૪૨/૧૭**

**ગુજરાત યુનિવર્સીટી** : મોહિતભાઇ અતુલભાઇ કાનાની(ઉ.વ.૨૨)(રહે,વરદાન ટાવર, ૧૩૨ ફુટ રોડ નજીક, પ્રગતિનગર, નારણપુરા) એ તા.૨૪/૯/૧૭ નારોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૯/૧૭ રાતનાં ૧૧/૪૫ વાગ્યાનાં સુમારે વાળીનાથ ચોક બી.આર.ટી.એસ. બસ સ્ટોપ નજીક રોડ ઉપર પોતાના મિત્ર ધ્રુવીલ સોની સાથે મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા ઇસમો (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) મોહિતભાઇની મોટર સાયકલ સાથે પોતાની મોટર સાયકલ અથડાવી, મારા-મારી કરી, મોહિતભાઇનાં ગળામાં પહેરેલ સોનાની ચેઇન ખેંચતા, મોહિતભાઇ પાસે હાથમાં રહી ગયેલ સિવાયનો બાકીનો સોનાની ચેઈનનો ટુકડો કિંમત રૂપીયા ૪૦,૦૦૦/- ની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એસ.ચંપાવત ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૪૩/૧૭**

**માધવપુરા** : મીનાબેન W/o ચંદ્રકાન્ત પટણી (ઉ.વ.૫૨)(રહે,સારંગપુર દોલતખાના, એકતોડા મસ્જીદ પાસે વણકરવાસ, સારંગપુર) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૯/૧૭ નાં કલાક ૧૨/૦૦ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન દુધેશ્ર્વર રોડ ખાતે આવેલ મહાકાળી મંદિરે દર્શન કરવા સારૂ આવેલ હતા દરમ્યાન મીનાબેને પેહેરેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૧૮૦૦૦/- તેમજ સાહેદ મંગળાબેન નિરંજનભાઈ જાની (ઉ.વ.૫૮)(રહે.મુંબઈ ચાર કોપ ગુહેશ્ર્વર સોસાયટી સાંઈ મંદિર ગલી સેક્ટર-૩) નાઓએ પહેરેલ મગમાળા કિંમત રૂપિયા ૨૨,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ કોઈ સાધન વડે કાપી ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રણછોડભાઈ ખોડાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.